ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં ઓપન થિયેટરમાં ગંદકીનો માહોલ

## વિશ્વ રંગભૂમિ દિવસે પણ રંગમંચનો ઉપયોગ ન થતા કલાપ્રેમીઓમાં પ્રશ્નો ઉભા થયા : ગંદકી અને કચરાના ઢગલાનો માહોલમાં ઓપન થીએટરના દ્રશ્યો





ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં ૨૭મી માર્ચે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીઓ કરવામાં આવી હતી ત્યારે રંગભૂમિ શબ્દ સાંભળીને ગાંધીનગરમાં ઘણા વર્ષોથી બનેલુ આ ઓપન થીએટર યાદ આવી ગયું. જે શહેરના નાગરિકો માટે રંગમંચ તથા વિવિધ પ્રાસંગિક કાર્યક્રમો માટે બનાવવામાં આવ્યું છે. પરંતુ આ રંગમંચનો ઉપયોગ ન થવાના કારણે ધીમે ધીમે ખંડેરમાં ફેરવાઈ જાય તેવુ લાગી રહ્યું છે. ૫૫ લાખ જેટલો આ ઓપન થિએટર પાછળ ખર્ચ કર્યો છે. અસહ્ય કચરો, ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગાંધીનગરના નાગરિકોને જ્યારે ઓપન થીએટર બનાવવામાં આવ્યું ત્યારે ખૂબ જ ઉમળકો હતો કે અહીંયા સુંદર મજાના કાર્યક્રમો કરવામાં આવશે. આવી ખુલ્લી જગ્યાઓમાં બેસીને ઓપન થીએટરની મજા માણી શકાશે. પરંતુ આ તો માત્ર શહેરીજનોનું સ્વપ્ન જ રહી ગયું હોય તેમ લાગે છે. શોભાના ગાઠીયા સમાન આ ઓપન થીએટરની આટલી મોટી જગ્યા રોકીને ઉભુ કરી દેવાયુ છે.

આ તો વિશ્વ રંગભૂમિ દિવસની યાદમાં ગાંધીનગરનું આ રંગમંચ યાદ આવી ગયું કે અહીંયા પણ વિવિધ સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ કરી શકાય છે. પરંતુ અહીંયા તો માત્ર કાગડા ઉડી રહ્યા છે. આટલી વિશાળ જગ્યાનો ઉપયોગ ન કરવામાં આવતા કોઈ સવાલ ઉઠાવી રહ્યું નથી. એક તરફ ગાંધીનગરમાં ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થઈ રહી છે તો બીજી તરફ આવા વિશાળ ખુલ્લા મેદાનો તંત્ર દ્વારા બિન ઉપયોગી રીતે ઉભા કરી દેવાયા છે. આ જગ્યાનો ઉપયોગ ઘણા વર્ષોથી કરવામાં આવી રહ્યો નથી.

ગાંધીનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કોઈ સ્ટેજ ન હોય તેવું થઈ ગયું છે. સેક્ટર-૧૭નો ટાઉનહોલ પણ રીનોવેશન મોડમાં હોવાથી ત્રણેક વર્ષથી ત્યાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બંધ છે. ગાંધીનગરમાં શહેરીજનો માટે રંગમંચની કોઈ સારી વ્યવસ્થાઓ જોવા મળી રહી નથી. પ્રાઈવેટ સ્કૂલોના હોલને રેન્ટ આપીને શહેરીજનો વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી રહ્યા છે.


ગાંધીનગરમાં સાહિત્યકારોની સંખ્યા વધારે છે. સાંસ્કૃતિક કલાકારોથી લઈ સંગીત, નાટ્ય, સ્પોર્ટસ, રમતગમતમાં અવ્વલ શહેરીજનોને તેની કલાને પ્રદર્શિત કરવા માટે યોગ્ય રંગમંચની કમી જોવા મળી રહી છે. જો આ કલાકારોને ગાંધીનગરમાં યોગ્ય રંગમંચ મળી રહે અને સાંસ્કૃતિક કાર્યક્રમો કાર્યરત થાય તે માટે સરકારી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.


# એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'અન્વેષણ-ધ ટેલેન્ટ શો'નું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'અન્વેષણ-ધ ટેલેન્ટ શોની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોના અંદર છુપાયેલી પ્રતિભાને શોધવા તથા બે વર્ષના લાંબા સમયગાળા દરમિયાન બાળકો ના ટેલેન્ટને ફરી પુર્નજીવિત કરવા એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ચીફ ગેસ્ટ જીવન આસ્થા ના લાયઝન ઓફિસર તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રવીણ વાલેરા સર એ સમગ્ર પ્રોગ્રામ દરમિયાન હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રીઓ તથા પ્રિન્સિપાલ એ પણ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમમાં સૌપ્રથમ મ્યુઝિક, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સાયન્સ, પોટરી, ગેમ્સ વગેરે સ્ટોલ તથા વિવિધ પ્રકારના ડાન્સ તથા ડ્રામા, નાનકડા ભૂલકાઓનો ફેશન શૉ, કરાટે ,સ્કેટિંગ તથા મળતાં તેઓએ ધૂમ મચાવી દીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે












વિવિધ પ્રકારના હુન્નર રજૂ કરી વિદ્યાર્થીઓ એ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. બાળકોને બે વર્ષ પછી સ્ટેજ પર જવાનો મોકો અલ્પાહાર ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન વાલીઓ નો ખૂબ જ સહકાર સાંપડ્યો હતો.



દીપિકાબેન ત્રિવેદી પ્રમુખ ગુજરાત પ્રદેશ ના માર્ગ દર્શન દ્વારા શુભ કાર્યની શરૂઆત કરી આજ રોજ શર્મિષ્ઠાબેન મહેતાની દીકરી નેહા ના જન્મ દિવસ પ્રસંગે બ્રહ્મ નારી શક્તિ ગાંધીનગર દ્વારા મૂક્ બધિરની સ્કૂલ મા જન્મ દિવસ ઉજવ્યો ત્યાં બધા બાળકોને જમાડ્યા અને ખુબ આનંદ થયો આ કાર્યકમ માં શર્મિષ્ઠા મહેતા ગાંધીનગર જિલ્લા મહિલા પ્રમુખ જાગૃતિ બેન મહામંત્રી ભારતી બેન નીલા બેન ઈલા બેન ભાવિકા બેન પારસ બેન દીપ્તિ બેન હેમા બેન સહમંત્રી નિશા બેન ગીતા બેન કારોબરી બહેનો તથા ઘણી બહેનોએ હાજરી આપી હતી.

# સાદરા વિદ્યાપીઠમાં ખેલ મહાકુંભની તાલુકાકક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

આઝાકી કા અમૃત મહોત્સવ અંતર્ગત ખેલ મહાકુંભની તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં સાદરા વિદ્યાપીઠના સંયોજક પી.એમ. કાસુન્દ્રા, જિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી જે.બી. ચૌધરી, ચિલોડા-ડભોડા વિભાગના સ્પર્ધા મંત્રી પ્રિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ સ્પર્ધામાં ૧૪ વર્ષ, ૧૭વર્ષ, ૧૭ વર્ષથી ઉપર વયજૂથના ભાઈઓ-બહેનો મળીને ખુબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાને તંદુરસ્ત બનાવવા માટે સાદરા વિદ્યાપીઠના પંચોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન દિપકભાઈ શુકલે કર્યુ હતુ.

# સિનિયર સિટીઝન ક્લબ ગાંધીનગર દ્વારા આયોજિત નડાબેટ વન ડે પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સીનીયર સીટીઝન ક્લબ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા નડાબેટ વન ડે ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રીપમાં ૫૦ વરિષ્ઠ પુરૂષો અને ૪૦ મહિલાઓ જોડાઈ હતી. બે લકઝરી એ.સી. બસ દ્વારા સવારે ૫ વાગે એક બસ ગાયત્રી મંદિર સેક્ટર-૧ ગાંધીનગર અને એક બસ ઉમિયા કૃપા સોસાયટી કુડાસણથી ઉપાડીને ૩.૧૫ વાગે ગંતવ્ય સ્થાન નડાબેટ પહોંચ્યા હતા. ભારત-પાકિસ્તાનની બોર્ડરનો નજરાણો આનંદ-ઉત્સાહ અને ફોટોગ્રાફસ સાથે માણ્યો હતો.



બહેનોએ રાસ-ગરબાની રમઝટ જમાવી ભરપુર આનંદ માણ્યો હતો. સમગ્ર વન ડે ટ્રીપમાં ક્લબ સંયોજક રમણભાઈ પટેલ અને સુરેશભાઈએ ખૂબજ ઉમંગભેર સંચાલન કર્યુ હતુ.

# ચોતરફ ફુલી ફાલેલી ઝુંપડપટ્ટી બની સેક્ટર-૬ની સૌથી મોટી સમસ્યા

## કડિયાનાકું હજુ પણ સે. ૬માં ચાલતું હોવાથી સેક્ટરમાં શ્રમિક વસાહતો વધતી જ રહી છે : ખુલ્લામાં શૌચથી માંડીને બળતણ માટે વૃક્ષો કાપવા સહિત અનેક દૂષણોથી વસાહતીઓ ત્રસ્ત : જાહેર સાફ-સફાઈમાં બેદરકારી, રખડતાં ઢોર અને અપૂરતો પાણી ફોર્સ સહિત અન્ય સમસ્યાઓનું પણ અસ્તિત્વ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે અને અહીં રાજ્યભરમાંથી વિવિધ સમુદાયો જેવા કે રાજકીય પક્ષો અથવા સામાજિક સંગઠનો અથવા કર્મચારી મંડળો કે વિદ્યાર્થી-ઉમેદવારોના જુથ હોય કે અન્ય તમામ પોતાની સમસ્યાઓ, ફરિયાદો કે રજુઆતો કરવા આવે છે અને જરૂર પડે આંદોલન-ધરણાં વગેરેનો સહારો લેવો પડે તો પાટનગરમાં સત્યાગ્રહ છાવણીએ ધામા નાંખીને વિરોધ પ્રદર્શનો કરે છે. જોકે આ સત્યાગ્રહ છાવણી જે સેક્ટરમાં આવેલી છે તે સેક્ટર-૬નાં વસાહતીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે અને આ સમસ્યાઓનો ઉકેલ શોધવા તેઓ ઘણી રજુઆતો કરી ચુક્યાં છે પરંતુ દિન પ્રતિદિન સમસ્યાઓ વકરી રહી હોવાનું તેમને પ્રતિત થઈ રહ્યું છે.

પાટનગરના નિર્માણની યોજના અનુસાર સેક્ટર-૬ માં કુલ ૯૮૮ સરકારી આવાસો જેમાં 'ચ' ટાઈપના ૧૯૮, 'જ' ટાઈપના ૫૦૪ અને જ-૧ ટાઈપના ૨૮૬ નો સમાવેશ થાય છે તેમજ ૮૧ મીટરથી લઈને ૩૩૦ ચો.મી.ના કુલ મળીને ૧૨૨૩ ખાનગી પ્લોટ સાથે કુલ ૨૨૧૧ રહેણાંકનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે આ સેક્ટરમાં નવી બહુમાળી સરકારી વસાહતો નિર્માણ પામી રહી છે અને તે સાથે ખાનગી પ્લોટમાં પણ બે-ત્રણ માળ સુધીના બાંધકામ વિસ્તારીને તેમાં ભાડુઆતોનો ઉમેરો થતાં આ સેક્ટર ખૂબ ગીચ વસ્તીવાળુ બની રહ્યું છે. જોકે આ સેક્ટરમાં ગીચતા વધવા પાછળ વધુ એક પરિબળ જવાબદાર છે અને તે છે આ સેક્ટરમાં ભરાતુ કડિયાં નાંકુ. જેને ખરેખર તો અન્યત્ર ખસેડવામાં આવી ચુક્યું હોવા છતાં તે અહીં જ ભરાય છે અને તેના પગલે સેક્ટર-૬માં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ અને હંગામી શ્રમિક આવાસો ઠેર ઠેર જોવા મળી રહ્યાં છે જેને કેટલાંક રહીશો તો ગાંધીનગરની 'ધોરાવી' તરીકે ઓળખાવી રહ્યાં છે. સેક્ટરમાં ખુલ્લી જગ્યાઓ મોટા પ્રમાણમાં છે પરંતુ લગભગ તમામ ખુલ્લી જગ્યાઓમાં ઝુંપડપટ્ટીઓની લંગાર જોવા મળે છે અને આ ઝુંપડપટ્ટીઓમાં રહેતા પરિવારોની ખુલ્લામાં શૌચક્રિયાથી માંડીને સ્નાનાદિ વિધિ હોય કે બળતણ માટે આસપાસના વૃક્ષોની ડાળીઓ જ કાપવાની પ્રવૃત્તિ હોય તેનાથી સેક્ટરવાસીઓ અત્યંત પરેશાની ભોગવી રહ્યાં છે. સેટરની ફરતે તેમજ અંદરના માર્ગો પર મોટાભાગની ફૂટપાથ તથા રોડ સાઈડ માર્જીનની જગ્યા પણ આવા હંગામી દબાણોના કારણે દબાવી દીધેલી હોવાથી સેક્ટરવાસીઓ અન્ય સેક્ટરની જેમ મોર્નિંગ વૉક પણ કરી શકતા નથી. સેક્ટર-૬-બીના અગ્રણી વસાહતી જયેશ પટેલના જણાવ્યાં અનુસાર ઝુંપડપટ્ટી સાથે આ સેક્ટરમાં રખડતાં ઢોરની સમસ્યા પણ સૌથી વધુ છે અને જાહેર સાફ-સફાઈમાં બેદરકારી પણ ઉઠીને આંખે વળગે તેવી છે. વળી, સેક્ટરમાં વસાહતીઓ પીવાના પાણીના અપૂરતા ફોર્સની સમસ્યાથી પણ ત્રસ્ત છે.

સે. ૬ના વસાહત મંડળના સભ્ય મુકેશ ઉપાલા જણાવે છે કે રખડતાં ઢોરની સમસ્યા અંગે અનેક ફરિયાદો કરી છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી તેમજ ઝુંપડપટ્ટીના કારણે તેમની રાત્રિના સમયે દારૂ પીને ઝઘડાં કરવા તેમજ મોટા અવાજે ગાળાગાળી-અપશબ્દો બોલવા જેવી સમસ્યા પણ સતાવી રહી છે. વળી સેક્ટરમાં એક પણ સરકારી દવાખાનું નથી અને સેક્ટરનો મુખ્ય બગીચો તો રિનોવેટ થઈ ગયો છે પરંતુ પ્લોટ નં. ૮૩૦ સામેનો નાનો બગીચાનું પણ રિનોવેશન થાય તે જરૂરી છે. સેક્ટર-૬ વસાહત મંડળના પ્રમુખ ચંદ્રકાન્ત સોનીના જણાવ્યાં અનુસાર સેક્ટરમાં ઠેર ઠેર ગટર ઉભરાવાની સમસ્યા છે જેના કારણે દુર્ગંધનો માહોલ અને માખી-મચ્છરનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. સરકારી વસાહતોના નિર્માણ સાથે ગીચ બની રહેલા સેક્ટરમાં સાંજના સમયે કડિયાનાંકુ અને શાકમાર્કેટ નજીક અત્યંત માનવ મહેરામણ ઉમટે છે જેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. જેને ઉકેલવા ટ્રાફિક પોલીસે મદદરૂપ થવું જોઈએ. વળી, ગ-૨કોડ તરફથી સે. ૫ નજીકથી સે. ૬માં પ્રવેશતા એક તરફનો માર્ગ સાવ બિસ્માર હાલતમાં છોડી દેવાયો છે. સે. ૬ વસાહત મંડળના સંગઠન મંત્રી બી.એસ. પટેલના જણાવ્યાં અનુસાર સેક્ટરના ૮૧ મી. પ્લોટ વિસ્તારમાં આંતરિક માર્ગો અત્યંત સાંકડા છે અને તેમાં બ્લોક્સ લગાડવાની યોજનાને કારણે અડધા રોડ ઢંકાઈ ગયા છે તથા કોર્નરના પ્લોટ ધારકો દ્વારા ઉંચાણ સાથે બ્લોક્સ લગાવવાથી વાહનોની અવરજવરમાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. વળી ખાનગી પ્લોટ પાસેની ખુલ્લી જગ્યાઓમાં અનેક રહીશોએ વાડા બાંધીને દબાણ કરી લીધું છે.

જે સેક્ટરમાં બે પેટ્રોલપંપ, ત્રણ ચીપ ટાઈપ અને એક મુખ્ય શોપિંગ સહિત અનેક ખાનગી શોપિંગ સેન્ટરો તથા ૬ મંદિરો આવેલાં છે તેવા આ સેક્ટરની મુખ્ય સમસ્યા ઝુંપડપટ્ટી અને તેના કારણે ફેલાતી ગંદકીની છે, તેમજ આ સેક્ટરમાં સંત રોહીદાસ મંદિર સામે પોસ્ટ કચેરી માટે જમીન ફાળવેલી હોવા છતાં પોસ્ટ ઓફિસ અન્યત્ર ભાડાના મકાનમાં ચાલે છે અને સેક્ટરમાં એક પણ સરકારી દવાખાનું નથી કે નથી રંગમંચની સુવિધા. વળી, ચોમાસામાં વરસાદી પાણીના ભરાવો અને ગટરો ઉભરાવાની સમસ્યા તો નિયમિત રીતે સતાવી રહી છે.

**પ્રતિભાવો આવકાર્ય**
Samirtalod@gmail.com








"સે. ૬ માં કડિયાનાંકાને કારણે મોટી સંખ્યામાં બહારથી આવેલા શ્રમિકો ગેરકાયદેસર રીતે ઝુંપડા બાંધીને રહે છે અને તેમની રોજીંદી ક્રિયાથી સેક્ટરવાસીઓ પરેશાન થઈ રહ્યાં છે જે માટે તંત્રએ યોગ્ય નિરાકરણ લાવવું જરૂરી છે. સેક્ટરમાં ગટરો ઉભરાય છે અને પીવાના પાણીનો ફોર્સ ધીમો આવે છે તેમજ રસ્તાની સાફ-સફાઈ પણ યોગ્ય રીતે થતી નથી."

**- ચંદ્રકાન્ત સોની, પ્રમુખ, સે. ૬ વસાહત મંડળ**

"સે. ૬ માં રહેણાંક વિસ્તારોમાં આંતરિક માર્ગો ખૂબ સાંકડા છે જેના કારણે વાહન અવરજવરમાં ખૂબ તકલીફ પડી રહી છે. વળી કોમન પ્લોટોમાં ગેરકાયદેસર દબાણો કરવામાં આવેલાં છે. છેલ્લાં સાત વર્ષથી ૨૪ કલાક પાણી આપવાના બણગા ફુંકતું તંત્ર પાણીનો પુરતો ફોર્સ આવે તેની પણ વ્યવસ્થા કરી શક્યું નથી."

**- બી.એસ. પટેલ, સંગઠન મંત્રી, સે. ૬ વસાહત મંડળ**

"સેક્ટર-૬માં ઝુંપડપટ્ટીનો પ્રશ્ન તો સૌથી મોટો છે પરંતુ બીજી તરફ સત્યાગ્રહ છાવણી પર વારંવાર યોજાતા દેખાવોના કારણે પણ સેક્ટરવાસીઓને ટ્રાફિક જામ તથા રસ્તા બંધ હોય તેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સેક્ટરમાં દવાખાનુ નથી, રંગમંચ નથી અને રખડતાં ઢોર સાથે જાહેર સફાઈમાં ખૂબ બેદરકારી જોવા મળે છે."

**- જયેશ પટેલ, અગ્રણી વસાહતી, સે. ૬-બી**

## જન્મદિને વધામણી



સંદીપ ચૌહાણ
સબ ફાયર ઓફિસર
૭૩૮૩૨૦૯૧૧૧



ગૌરાંગ પી શર્મા
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬



પાર્થરાજ પી શ્રીમાળી
મો. ૯૬૮૭૮ ૦૪૯૬૮



એમ. સી. નાયર
નિવૃત્ત સનદી અધિકારી
અને પૂર્વ કલેક્ટર
ગાંધીનગર
મો. : ૯૪૨૭૩૧૦૮૮૬



આધ્યા શૈવલ શાહ



અંજનાબેન પિયુષભાઈ શાહ



ડો. એન.વી. પટેલ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દેસાઈ ગમાનભાઈ રામજીભાઈ, ઉ.વ. ૬૬, બોરીજ
- સ્વ.પ્રજાપતિ ભખેશકુમાર આશાભાઈ, ઉ.વ. ૩૩, સેક્ટર-૨૯
- સ્વ.ઠાકોર અંબાલાલ શંકાજી, ઉ.વ.૫૭, સેક્ટર-૨૫
- સ્વ.બક્ષી સુરેન્દ્ર ભુપતરાય, ઉ.વ. ૯૦, સેક્ટર-૦૭
- સ્વ.ચૌધરી નાગજીભાઈ પાતાભાઈ, ઉ.વ. ૭૦, ભાદોલ
- સ્વ. ચૌહાણ શાંતિલાલ બાબુભાઈ, ઉ.વ.૮૨, સેક્ટર-૨૧

● રુદ્રભૂમિ ●

- સ્વ. સોલંકી નર્મદાબેન નાથાલાલ, ઉ.વ. ૬૨, કુડાસણ